# વિશ્વ સિકલસેલ એનિમિયા રોગ જાગૃતિ દિનની ઉજવણી રોજકુવા ઉચ્ચ શ્રેષ્ઠ પ્રાથમિક શાળામાં કરવામાં આવી



**જનાદેશ પ્રતિનિધિ, છોટાઉદેપુર** : છોટાઉદેપુર તાલુકાની રોજકુવા ઉચ્ચ શ્રેષ્ઠ પ્રાથમિક શાળામાં વિશ્વ સિકલસેલ એનેમિયા રોગ જાગૃતિ દિનની ઉજવણી કરવામાં આવી જેમાં શાળાના બાળકો, શાળા પરિવાર, આરોગ્ય ખાતા ના કર્મચારીઓ, અને આગણવાડી કાર્યકરો જોડાયા હતા. વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશમાંથી 'સિકલસેલ એનીમિયા,'ને નાબૂદ કરવા શરૂ કરાયેલ મિશન અંતર્ગત સિકલ સેલ અસરગ્રસ્ત આદિવાસી વિસ્તારોમાં જાગૃતિ લાવવા, ભવિષ્યમાં આ બીમારી સાથે જન્મતા બાળકોને રોકવા અને રોગોનું ટ્રાન્સમિશન નિયંત્રણ કરવા સમર્પિત પ્રયાસોની આવશ્યકતા રહે છે. આ રોગ માટેની જાગૃતિ કેળવવી ખૂબ જ આવશ્યકતા છે. શાળામાં સિકલ સેલ રોગ અંતર્ગત કેવા કેવા લક્ષણો હોય છે. અને રોગને નિયંત્રણ કરવા માટે કેવા કેવા પગલાં ભરવા જોઈએ. જે બાળકોને સિકલ સેલ ની અસર વર્તાય છે એવા બાળકોએ આરોગ્ય લક્ષી કેવી સારવાર લેવી કેવો ખોરાક લેવો અંતર્ગત આરોગ્ય ખાતાના કર્મચારીઓએ માહિતી પૂરી પાડી હતી. સાથે સાથે નાના બાળકો દ્વારા સિકલ સેલ એનેમિયા નાબૂદી માટે જાગૃતિ અભિયાન સંદર્ભે રેલી કાઢવામાં આવી હતી. આગામી સમયમાં આ રોગને નાબૂદ કરવા માટે વાલીઓને પણ જાગૃત કરવા માટે. શાળાના ઉપ શિક્ષક જગદીશભાઈ મકવાણા દ્વારા સંદેશો પાઠવવામાં આવ્યો હતો.